રાજયના જીલ્લાઓનાં પ્રવાસન સ્થળોમાં
આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓ
વિકસાવવા માટેના કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરવા
કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની સેવા લેવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંકઃટીસીજી/૧૦૨૦૧૦/૨૪૧૪/સ.
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા.૧૨/૦૮/૨૦૧૦

સંદર્ભ : (૧) ગુજરાત પ્રવાસન નિગમ લિ. ધ્વારા તા. ૨૦/૨/૨૦૧૦ના રોજ કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની પેનલ બનાવવા માટે આપેલ જાહેરાત.

(૨) મળેલ ઓફરો પૈકીના પ્રીકવોલીફાઈડ થયેલાને નિર્ધારીત ફીના ધોરણ સ્વીકારવા બાંહેધરી આપવા માટેનો ગુજરાત પ્રવાસન નિગમ લિ. તરફથી લખાયેલ તા.૨૮/૫/૧૦ના પત્રો.

(૩) ગુજરાત પ્રવાસન નિગમ લિ.ની ફાઈલ ક્રમાંકઃપીઈ/આર્કિટેક/૨૦૧૦ પરની તા.૯/૭/૧૦ની નોંધ.

(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ત ા. ૨૨/૧૧/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ એસપીઓ–૧૦૨૦૦૫/૧૪૦૭/ચ.

**<u>આમુખ :–</u>**

રાજય સરકારશ્રી ધ્વારા જાહેર કરાયેલ વર્ષ–૨૦૦૬ પ્રવાસન વર્ષનો એક ઉદ્દેશ જીલ્લાઓમાં આવેલ પ્રવાસન સ્થળો ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓ વિકસાવવા માટેનો હતો.રાજય સરકારશ્રી ધ્વારા જીલ્લાઓમાં આવેલ પ્રવાસન સ્થળો ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે દર વર્ષે જીલ્લા વહીવટી તંત્રને આર્થિક સહાય સદરે અને ડેસ્ટીનેશન ડેવલોપમેન્ટ સદરે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જીલ્લાઓમાં આવેલ પ્રવાસન સ્થળો ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૧૧/૬/૨૦૦૭ના પરીપત્રથી માર્ગદર્શક સુચનાઓ પણ આપવામાં આવેલ છે. જીલ્લાઓમાં આવેલ અગત્યના પ્રવાસન સ્થળો ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓની સાઈટ સ્પેશીફીક જરુરીયાત મુજબ કોન્સેપ્ટ અને ડીઝાઈન તૈયાર કરવા પ્રોજેકટ પૂર્ણ થાય ત્યાં સુધીની સેવાઓ પૂરી પાડવા કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની પેનલ તૈયાર કરી સેવાઓ લેવાની જરુરીયાતને ધ્યાને લઈ રાજય સરકારની સુચના મુજબ ગુજરાત પ્રવાસન નિગમ લિ.ધ્વારા સંદર્ભો અનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે. અને રજુ થયેલ દરખાસ્ત અન્વયે કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની પેનલ આખરી કરી સુચનાઓ બહાર પાડવાની બાબત રાજય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :–

આ દરખાસ્તની કાળજીપૂર્વકની વિચારણા કરીને કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની નીચે મુજબ પેનલ આખરી કરી, તે પૈકીનાને કામગીરીઓ આપવાનુ, સેવાના દર ચૂકવવાનુ ઠરાવવામાં આવે છે.

૧. ગુજરાત પ્રવાસન નિગમ લિ.ને મળેલ દરખાસ્તો પૈકી રૂા. ૨.૦૦ કરોડ સુધીની અંદાજીત રકમની કામગીરીના પ્રોજેકટ માટે કેટેગીરી–'એ' માં ૪૫(કુલ પીસ્તાળીસ) અને રૂા. ૨.૦૦ કરોડથી ઉપરની અંદાજીત રકમની કામગીરી માટે કેટેગરી–'બી'ના ૫૩ (કુલ ત્રેપન) કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની પેનલ આખરી કરવામાં આવેલ છે. કેટેગરી–'એ' માં સમાવિષ્ટોની યાદી પત્રક–૧ અને કેટેગરી–"બી" માં સમાવિષ્ટની યાદી પત્રક–૨ મુજબની રહેશે.

૨. જીલ્લાઓમા આવેલ અગત્યના પ્રવાસન સ્થળો ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની સેવા લેવા માટે જીલ્લા કલેકટરશ્રીઓ અને ગુજરાત પ્રવાસન નિગમ લિ.ને નીચે મુજબના ધોરણ અપનાવવાનુ આથી ઠરાવવામાં આવે છે.

(૧) કેટેગરી–એ માં (રૂા. ૨.૦૦ કરોડ સુધીની અંદાજીત રકમની કામગીરી માટે) સમાવેશ થયેલ કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની પેનલમાંથી કોઈપણ પાંચ કન્સલ્ટન્ટ કમ આર્કિટેક પાસેથી પ્રવાસન સ્થળના વિકાસ માટેનો કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરી અને તેમની પાસે પ્રેઝન્ટેશન કરાવવાનુ રહેશે. અને તેમાંથી જે કન્સલ્ટન્ટ કમ આર્કિટેકનુ પ્રેઝન્ટેશન જે તે કામગીરીના સંદર્ભમાં સૌથી વધારે યોગ્ય લાગે તેમને વર્ક ઓર્ડર આપી કામગીરી કરાવવાની રહેશે. અને આ માટે વિશેષ મંજુરીની આવશ્યકતારહેશે નહી. કેટેગરી–એ માટેના કન્સલ્ટન્ટ કમ આર્કિટેકને સ્થળ પરના ખરેખર પ્રોજેકટ ખર્ચના ૩% વત્તા સર્વિસ ટેક્ષ સુધી તેઓની સેવાના દર તરીકે ચૂકવી શકાશે. આર્કિટેકની કોન્સેપ્ટ બનાવવાથી લઈને પ્રોજેકટ પૂર્ણ થઈને અમલમાં આવે ત્યાં સુધીની સેવાનો સમાવેશ થાય છે. આર્કિટેકની સેવાઓ અને તેમના સ્કોપ ઓફ ધી વર્ક બીડ ડોકયુમેન્ટમાં પણ નિર્દેશ કરેલ છે. પ્રોજેકટની કામગીરી માટે કન્સલ્ટન્ટ કમ આર્કિટેકને સ્થળ પર જવા આવવાનો તેમજ લોર્જીંગ અને બોર્ડીંગનો કોઈ ખર્ચ અલગથી ચુકવવાનો રહેશે નહી.

(૨) પ્રોજેકટ કોસ્ટને ધ્યાને લઈ પ્રોજેકટ અમલીકરણના સક્ષમ અધિકારીએ કેટેગરી–બીં (રૂા.૨.૦૦ કરોડથી ઉપરની અંદાજીત રકમની કામગીરીના પ્રોજેકટ માટે)ની પેનલ યાદીમાંથી કોઈપણ પાંચ કન્સલ્ટન્ટ કમ આર્કિટેક પાસેથી સ્થળના વિકાસ માટેનો કોન્સેપ્ટ પ્લાન તૈયાર કરી તેમનુ પ્રેઝન્ટેશન તૈયાર કરાવવાનું રહેશે. અને તેમાંથી જે કન્સલ્ટન્ટ કમ આર્કિટેકનુ પ્રેઝન્ટેશન જે તે પ્રોજેકટના સંદર્ભમાં સૌથી વધારે યોગ્ય લાગે તેમની પસંદગી કરવાની રહેશે. પ્રોજેકટ કોસ્ટ રૂા. ૫.૦૦ કરોડથી ઉપરની કામગીરી માટેના પ્રોજેકટ માટે પ્રેઝન્ટેશન સચિવશ્રી (પ્રવાસન) સમક્ષ કરાવવાનુ રહેશે. અને રૂા. ૧૦.૦૦ કરોડથી ઉપરના પ્રોજેકટ કોસ્ટના પ્રેઝન્ટેશન

માન.મંત્રીશ્રી(પ્રવાસન)સમક્ષ કરાવવાનુ રહેશે. વર્ક ઓર્ડર માટે કન્સલ્ટન્ટ કમ આર્કિટેકને આખરી કરવામાં તેઓશ્રીના સુચનો ધ્યાને લેવાના રહેશે.

કેટેગરી–બી માં (રુા. ૨.૦૦ કરોડથી ઉપરના અંદાજીત રકમની કામગીરી માટે) સમાવેશ થયેલ કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની પેનલમાંથી નીચે મુજબના પ્રોજેકટના અંદાજીત ખર્ચની સામે દર્શાવેલ "ફી"ના ધોરણ મુજબ કન્સલ્ટન્ટ કમ આર્કિટકને"ફી" ચુકવવાની રહેશે.

| પ્રોજેકટનો અંદાજીત ખર્ચ | સાઈટ પર થયેલ ખરેખર પ્રોજેકટ ખર્ચ અનુસાર ચુકવવાની થતી "ફી" |
|---|---|
| પ્રોજેકટ ખર્ચ રુા. ૨.૦૦ કરોડથી ઉપર અને રુા.૫.૦૦ કરોડ સુધી | ૨.૫ ટકાવત્તા સર્વિસ ટેક્ષ |
| પ્રોજેકટ ખર્ચ રુા. ૫.૦૦ કરોડથી ઉપર અને રુા.૧૦.૦૦ કરોડ સુધી | ૨.૦૦ ટકાવત્તા સર્વિસ ટેક્ષ |
| પ્રોજેકટ ખર્ચ રુા.૧૦.૦૦ કરોડથી ઉપર અને રુા.૧૫.૦૦ કરોડ સુધી | ૧.૯૦ ટકા વત્તા સર્વિસ ટેક્ષ |
| પ્રોજેકટ ખર્ચ રુા.૧૫.૦૦ કરોડથી ઉપર | ૧.૭૫ ટકા વત્તા સર્વિસ ટેક્ષ |

ઉપર મુજબની આ ફી માં કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની કોન્સેપ્ટ બનાવવાથી લઈને પ્રોજેકટ પૂર્ણ થઈ અમલમાં આવે ત્યાં સુધીની આર્કિટેકની સેવાનો સમાવેશ થાય છે અને પ્રોજેકટની કામગીરી માટે કન્સલ્ટન્ટ કમ આર્કિટેકને સ્થળ પર જવા આવવાનો તેમજ લોર્જીંગ અને બોર્ડીંગનો કોઈ ખર્ચ અલગથી ચૂકવવાનો રહેશે નહી.

(૩) કોઈપણ એકજ કન્સલ્ટન્ટ કમ આર્કિટેકને એક વર્ષમાં કુલ રુા.૧૦.૦૦ કરોડ સુધીના પ્રોજેકટ માટેની કામગીરી આપી શકાશે. જો રુા.૧૦.૦૦ કરોડથી ઉપરની અને એકથી વધુ કામગીરી એકજ કન્સલ્ટન્ટ કમ આર્કિટેકને આપવાની થાય તો રાજય સરકારશ્રીની મંજુરી મેળવીને કામગીરી આપવાની રહેશે.

(૪) ભૂતકાળમાં અનુભવે જણાયેલ છે કે કેટલાક કિસ્સાઓમાં ફાઈનલ કોન્સેપ્ટ અંદાજની રકમ, પ્રાથમિક અંદાજ કરતાં વધારે થઈ જાય છે. હવે પછી ફાઈનલ અંદાજ તૈયાર કરતી વખતે પ્રાથમિક અંદાજને ધ્યાને લેવાનો રહેશે. અને સામાન્ય રીતે ફાઈનલ કોન્સેપ્ટનો અંદાજ પ્રાથમિક અંદાજથી ૨૦ ટકાથી વધે નહી તે રીતે આર્કિટેક ધ્વારા કામગીરી કરવાની રહેશે. જો રકમ ૨૦ ટકાથી વધે તો વહીવટી વિભાગની મંજુરી લેવાની રહેશે.

(૫) ગુજરાત પ્રવાસન નિગમ અને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ધ્વારા તેમજ જીલ્લા કલેકટરશ્રીઓ ધ્વારા પ્રવાસન વિભાગના બજેટમાં નવા લેવાતા કામો માટે આ સુચનાઓનુ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૬) કેટેગરી–એ અને કેટેગરી–બી માટેના કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની પેનલ આ હુકમની તારીખથી બે વર્ષ માટે માન્ય રહેશે.

(૭) આર્કિટેકના ફાઈનલ અંદાજ પ્રમાણે તૈયાર થયેલા ડ્રાફટ ટેન્ડર પેપરની જાહેરાત સરકારશ્રીના આમુખ(૪) માં જણાવેલ તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ અને ત્યારબાદના સુધારાની સ્થાયી સુચનાઓ મુજબ, ઈ–ટેન્ડર પ્રક્રિયાથી ફરજીયાત કરવાની રહેશે. અને તે મુજબ તાત્કાલિક અસરથી અમલીકરણ કરવા ગુજરાત પ્રવાસન નિગમ લિ., ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને તમામ કલેકટરશ્રીઓ /અમલીકરણ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

ઉપરોકત માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઈ જીલ્લાઓમાં આવેલ પ્રવાસન સ્થળો ખાતેની આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે કન્સલ્ટન્ટ કમ આર્કિટેકની સેવા લેવાનુ સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ, ગુજરાત પ્રવાસન નિગમ લિ. તથા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ ધ્વારા કાર્યવાહી કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.આ ઠરાવ તથા તેના સાથેના જોડાણ ગુજરાત પ્રવાસન નિગમ લિ.ની વેબ સાઈટ પર ઉપલબ્ધ કરાવવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે.શાહ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

બિડાણ:
(૧) જોડાણ –૧
(૨) જોડાણ –૨

પ્રતિ,
માન.મંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ,પ્રવાસન,દેવસ્થાન,યાત્રાધામ વિકાસ,બિન નિવાસી ગુજરાત)નુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પ્રવાસન નિગમ લિ.,ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
સર્વે કલેકટરશ્રીઓ.
સચિવશ્રી,ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
સિલેકટ ફાઈલ